॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૭

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

**(ગુજરાતી શ્લોકનું ભાષાંતર)**

| | |
|---|---|
| **શ્લોક - ૯૨** | એ જ રીતે ઘર આદિ સ્થળોને વિષે કરેલ મંદિરોમાં પણ મધ્યમાં હંમેશાં અક્ષરબ્રહ્મ સહિત પુરુષોત્તમ ભગવાનને પ્રસ્થાપિત કરવામાં આવે છે. |
| **શ્લોક - ૯૩** | સર્વે સત્સંગીઓએ સવારે, સાંજે અથવા પોતાના અનુકૂળ સમયે પ્રતિદિન ભક્તિએ કરીને સમીપે આવેલ મંદિરે દર્શને જવું. |
| **શ્લોક - ૯૪** | સર્વે સત્સંગી નર-નારીઓએ સદાય જે રીતે પોતાના ધર્મની રક્ષા થાય તે જ રીતે વસ્ત્રો ધારવાં. |
| **શ્લોક - ૯૫** | સત્સંગની દૃઢતા માટે દર અઠવાડિયે સમીપ આવેલ મંદિરમાં કે મંડળમાં સભા ભરવા જવું. |
| **શ્લોક - ૯૬** | અક્ષરાધિપતિ સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ હરિ છે. |
| **શ્લોક - ૯૭** | એ એક જ આપણા સદા પરમ ઉપાસ્ય ઈષ્ટદેવ છે. તેમની જ અનન્ય ભાવે સદા ભક્તિ કરવી. |
| **શ્લોક - ૯૮** | ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ સનાતન અક્ષરબ્રહ્મ છે. એ અક્ષરબ્રહ્મની પરંપરા આજે પણ વિરાજમાન છે. |
| **શ્લોક - ૯૯** | સંપ્રદાયમાં ગુણાતીતાનંદ સ્વામીથી આરંભાયેલ ગુરુપરંપરામાં આવેલ પ્રગટ અક્ષરબ્રહ્મ એ એક જ આપણા ગુરુ છે. |
| **શ્લોક - ૧૦૦** | આપણા ઈષ્ટદેવ એક જ છે, ગુરુ એક જ છે અને સિદ્ધાંત પણ એક જ છે એમ આપણી સદા એકતા છે. |
| **શ્લોક - ૧૦૧** | બ્રહ્મવિદ્યારૂપ, વૈદિક અને સનાતન એવા દિવ્ય અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને જાણવો. |
| **શ્લોક - ૧૦૨, ૧૦૩** | જીવ, ઈશ્વર, માયા, અક્ષરબ્રહ્મ તથા પરબ્રહ્મ એ પાંચ તત્ત્વો સદાય ભિન્ન છે, નિત્ય છે, સત્ય છે એમ મુમુક્ષુઓએ જાણવું - એમ સ્વયં સ્વામિનારાયણ ભગવાને સ્પષ્ટ સિદ્ધાંત કર્યો છે. |
| **શ્લોક - ૧૦૪** | તેમાં અક્ષર અને પુરુષોત્તમ એ બે સદાય માયાથી પર છે અને જીવો તથા ઈશ્વરોની મુક્તિ તેમના યોગથી થાય છે. |
| **શ્લોક - ૧૦૫** | પરમાત્મા પરબ્રહ્મ સદા અક્ષરબ્રહ્મથી પર છે અને અક્ષરબ્રહ્મ પણ તે પરમાત્માની નિત્ય દાસભાવે સેવા કરે છે. |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૭

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)

| | |
|---|---|
| **શ્લોક - ૯૨**<br>એવમેવ ગૃહાદ્યેષુ કૃતેષુ મંદિરેષ્વપિ ।<br>મધ્યે પ્રસ્થાપ્યતે નિત્યં સાક્ષરઃ પુરુષોત્તમઃ ॥ ૯૨ ॥ | **શ્લોક - ૯૯**<br>ગુણાતીતસમારબ્ધ-પરંપરાપ્રતિષ્ઠિતઃ ।<br>પ્રકટાક્ષરબ્રહ્મૈકઃ સંપ્રદાયેસ્તિ નો ગુરુઃ ॥ ૯૯ ॥ |
| **શ્લોક - ૯૩**<br>પ્રાતઃ સાયં યથાકાલં સર્વસત્સંગિભિર્જનૈઃ ।<br>નિકટં મંદિરં ગમ્યં ભક્ત્યા દર્શાય પ્રત્યહમ્ ॥ ૯૩ ॥ | **શ્લોક - ૧૦૦**<br>એક એવેષ્ટદેવો નઃ એક એવ ગુરુસ્તથા ।<br>એકશ્ચૈવાપિ સિદ્ધાંત એવં ન એકતા સદા ॥ ૧૦૦ ॥ |
| **શ્લોક - ૯૪**<br>યથા સ્વધર્મરક્ષા સ્યાત્ તથૈવ વસ્ત્રધારણમ્ ।<br>સત્સંગિનરનારીભિઃ કરણીયં હિ સર્વદા ॥ ૯૪ ॥ | **શ્લોક - ૧૦૧**<br>સિદ્ધાંતં સુવિજાનીયાદ્ અક્ષરપુરુષોત્તમમ્ ।<br>બ્રહ્મવિદ્યાત્મકં દિવ્યં વૈદિકં ચ સનાતનમ્ ॥ ૧૦૧ ॥ |
| **શ્લોક - ૯૫**<br>સત્સંગદૃઢતાર્થં હિ સભાર્થમંતિકે સ્થિતમ્ ।<br>ગંતવ્યં પ્રતિસપ્તાહં મંદિરં વાપિ મંડલમ્ ॥ ૯૫ ॥<br><br>**શ્લોક - ૯૬**<br>સ્વામિનારાયણઃ સાક્ષાદભરાધિપતિર્હરિઃ ।<br>પરમાત્મા પરબ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ॥ ૯૬ ॥ | **શ્લોક - ૧૦૨, ૧૦૩**<br>જીવસ્તથેશ્વરશ્ચૈવ માયા બ્રહ્માક્ષરં તથા ।<br>પરબ્રહ્મેતિ તત્ત્વાનિ ભિન્નાનિ પંચ સર્વદા ॥ ૧૦૨ ॥<br>નિત્યાન્યથ ચ સત્યાનિ વિજ્ઞેયાનિ મુમુક્ષુભિઃ ।<br>સ્વામિનારાયણેનૈવં સિદ્ધાંતિતં સ્વયં સ્ફૂટમ્ ॥ ૧૦૩ ॥ |
| **શ્લોક - ૯૭**<br>સ એકઃ પરમોપાસ્ય ઈષ્ટદેવો હિ નઃ સદા ।<br>તસ્યૈવ સર્વદા ભક્તિઃ કર્તવ્યાનન્યભાવતઃ ॥ ૯૭ ॥ | **શ્લોક - ૧૦૪**<br>તેષુ માયાપરૌ નિત્યમ્ અક્ષરપુરુષોત્તમૌ ।<br>જીવાનામીશ્વરાણાં ચ મુક્તિસ્તદ્યોગતો ભવેત્ ॥ ૧૦૪ ॥ |
| **શ્લોક - ૯૮**<br>સાક્ષાદ્ બ્રહ્માક્ષરં સ્વામી ગુણાતીતઃ સનાતનમ્ ।<br>તસ્ય પરંપરાદ્યાપિ બ્રહ્માક્ષરસ્ય રાજતે ॥ ૯૮ ॥ | **શ્લોક - ૧૦૫**<br>પરમાત્મા પરબ્રહ્મ પરં બ્રહ્માક્ષરાત્ સદા ।<br>બ્રહ્માપિ સેવતે તં ચ દાસભાવેન સર્વદા ॥ ૧૦૫ ॥ |